Club ID. 52203 | Charter Date 02-06-1999 | RI District 3060

UNITE FOR GOOD

RI District 3060
Rotary
Surat East

Team Achievers

# ROTARY CLUB OF SURAT EAST

## MONTHLY BULLETIN -NOVEMBER 2025

NOV 2025

# Rotary Gatha

| RI PRESIDENT | DISTRICT GOVERNOR | PRESIDENT | SECRETARY | MONTH LEADER | BULLETIN CHAIR |
|---|---|---|---|---|---|
| RTN. FRANCESCO AREZZO | RTN. AMARDEEP SINGH BUNET | RTN. KIRIT VANKADI | RTN. HITESH VEKARIYA | **RTN. ALPESH DAVRA** | RTN. VIPUL PANSURIYA |

**PRESIDENT**



RTN. KIRIT VANKADI

**SECRETARY**



RTN. HITESH VEKARIYA

**MONTH LEADER**



RTN. ALPESH DAVRA

**BULLETIN CHAIR**



RTN. VIPUL PANSURIYA












01 પ્રેસીડેન્ટ સંદેશ

02 ન્યુ યર કપલ મીટીંગ

03 ROTARY K2K Rally

04 શિક્ષક દેવો ભવઃ

05 કપલ સ્પીકર મીટીંગ

06 ડીસ્ટ્રીક્ટ કોન્ફરન્સ

07 બર્થડે સેલિબ્રેશન

08 બોર્ડ મિટિંગ

09 અભિનંદન

10 સેક્રેટરી અનાઉન્સમેન્ટ

# 01 પ્રેસીડેન્ટ સંદેશ

નમસ્કાર રોટેરીયન મિત્રો, સૌ રોટેરીયન મેમ્બર્સ, બોર્ડ મેમ્બર્સના સહિયારા પ્રયાસોથી આપણે નવેમ્બર મહિનામાં સફળ પ્રોજેકટસ કરી શકયા છીએ. તે માટે આપ સૌ રોટેરીયન મિત્રોને અને વિશેષ મંથ લીડર રો.અલ્પેશ ડાવરાને ખુબ ખુબ અભિનંદન પાઠવુ છુ.




આપણી કલબ દ્વારા ન્યુયર કપલ મીટીગનું આયોજન કરેલ હતું જેમા તમામ રોટેરીયન મેમ્બરોએ નવા વર્ષની ઉજવણી એકબીજા મેમ્બરો સાથે મળીને કરેલ અને કન્યા કુમારી થી કાશ્મીર સુધી બાઈક રેલી કાઢીને શાંતિનો સંદેશ દુનિયાને આપી રહેલ ૧૦(દશ) રોટેરીયન મિત્રો જેઓ  રોટરી બેંગલોર, ઇન્દીરા નગર આરઆઇ ડીસ્ટ્રીકટ ૩૧૯૨ સાથે ફેલોશીપ કરી નવા વર્ષની ઉજવણી તા.૧૦/૧૧/૨૦૨૫ સોમવાર ના રોજ લેમન હોટલ, મોટા વરાછા મુકામે કરેલ. ત્યારબાદ આપણી કલબના રોટેરીયન મેમ્બર ડો.અરવિંદ ધામેલીયા દ્વારા એડવાન્સ કટીગ એજ રોબોટીક એન્ડ લેસર ટેકનોલોજી ફોર કીડની, સ્ટોન, પ્રોટેસ્ટ પર ખુબ સુંદર સમજણ તથા માહીતી પુરી પાડતી કપલ સ્પીકર મીટીગ તા.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ ધામેલીયા કીડની હોસ્પીટલ, લાલ દરવાજા, સુરત મુકામે આયોજન કરેલ તથા આ માસમાં આપણે બે શિક્ષકોને સન્માનિત કરીને આપણી નવી પેઢીને તૈયાર કરનાર ગુરૂજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી તે આપણા માટે ગૌરવની વાત છે.

આગામી ડિસેમ્બર માસ સફળ થાય તે માટે મંથ લીડર રો. નિતેશ વાગડીયા આપ સૌ રોટેરીયન મિત્રોને શુભકામના પાઠવુ છુ અને આપણો નેકસ્ટ મેગા પ્રોજેકટ મેરોથોન તા.૧૧/૦૧/૨૦૨૬ ના રોજ થવા જઈ રહ્યો છે તેમાં વધુમાં વધુ રોટેરીયન મિત્રો સમય, તન, મન અને ધન સહિત યોગદાન આપે એવી હું સૌને નમ્ર વિનંતી કરુ છુ. ભવિષ્યમાં સૌ રોટેરીયન મિત્રોના આવાને આવા સાથ અને સહકારથી રોટરીના ઉમદા અને સેવાકીય કાર્યોની સુવાસ ઘર ઘર સુધી ફેલાવીએ એવી અપેક્ષા સહ.

આપનો સાથી... આપનો સાથી...

**રો. કિરીટ વાંકડી**

કલબ પ્રેસીડેન્ટ રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

# 02 ન્યુ યર કપલ સ્પિકર મીટીંગ

RI District 3060 Rotary Club Of Surat East




રોટરી સુરત ઈસ્ટ દ્વારા ૧૦ નવેમ્બર ૨૦૨૫, સોમવારના રોજ "New Year Couple Meet" કાર્યક્રમનુ સફળતાપૂર્વક આયોજન કરવામા આવ્યુ હતુ. મોટા વરાછા સ્થિત Lemon Restaurant & Banquet ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામા રોટેરીયન મિત્રોએ પરિવાર સાથે ઉપસ્થિત રહીને ઉમંગભેર ઉજવણી કરી હતી.

કાર્યક્રમની શરૂઆત સૌહાર્દપૂર્ણ આવકાર તથા પરસ્પર મુલાકાતથી થઈ હતી. ત્યારબાદ વિવિધ પ્રવૃત્તિઓ અને ઈન્ટરએક્ટિવ સેશન દ્વારા સભ્યોને એકબીજા સાથે જોડાવાનો અનોખો અવસર મળ્યો હતો. તેમજ રોટરી બેંગલોર, ઇન્દીરા નગર, RI Dist. ૩૧૯૨ ના ૧૦ બાઇકર્સના સન્માન સાથે તેમની સાથે ફેલોશીપ કરવામા આવી હતી. આ કાર્યક્રમ દરમ્યાન રોટરી પરિવારની એકતા, મિત્રતા અને સેવાભાવની ભાવનાનુ સુંદર પ્રદર્શન જોવા મળ્યુ હતુ.

**ચેરમેન**

રો. દિનેશ વઘાસીયા

રો. ભાવેશ ગેડીયા









# 03 ROTARY K2K IFMR INDIA RALLY

RI District 3060
Rotary
Club Of Surat East




દેશ અને દુનિયામાં એન્વાયરમેન્ટ અને હેલ્થ દ્વારા શાંતિ ફેલાય એવો ઉમદા સંદેશો લઇને કન્યાકુમારી થી કાશ્મીર સુધી બાઈક રેલી કાઢીને શાંતિનો સંદેશ દુનિયાને આપી રહેલ રોટરી બેંગલોર, ઇન્દીરા નગર, RI Dist. ૩૧૯૨ ના ૧૦ બાઇકર્સ રોટેરીયન મિત્રોના સન્માન સાથે ફેલોશીપ કરી નવા વર્ષની ઉજવણી તા.૧૦/૧૧/૨૦૨૫ ને સોમવારના રોજ લેમન હોટલ, મોટા વરાછા મુકામે સમગ્ર ટીમને હોસ્ટ કરવામાં આવેલ.

ત્યારબાદ બીજા દિવસે તારીખ ૧૧/૧૧/૨૦૨૫ ને મંગળવાર ના રોજ સવારે સમગ્ર ટીમને એપેક્ષ હોટેલ સ્ટેશન રોડ, સુરતથી ફ્લેગ ઓફ કરી અભિનંદન અને સફળ રેલી માટેની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

**ચેરમેન**

રો. દિનેશ વઘાસીયા । રો. ભાવેશ ગેડીયા








# 04 शिक्षक देवो भवः

RI District 3060
Rotary
Club Of Surat East




’જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...



**કાર્યક્રમના ચેરમેન**

રો. ભાગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી । રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા

**તા. ૨૨ નવેમ્બર ૨૦૨૫ ને શનિવાર ના રોજ ઝી.ઝી.ઝડફિયા શાળાના સારસ્વત શિક્ષિકા શ્રી જૈમિનાબેન જીગ્નેશભાઈ પટેલ ને સન્માનિત કરવામાં આવ્યા**

# 05 કપલ સ્પિકર મીટીંગ

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી સુરત ઈસ્ટ દ્વારા Couple Speaker Meet કાર્યક્રમનું સફળ આયોજન ૨૨ નવેમ્બર, શનિવારના રોજ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ Excellent Business Hub (લાલ દરવાજા) ખાતે યોજાયો હતો.

આ વિશેષ સત્રમાં Dr. Arvind B. Dhameliya, ખ્યાતનામ યુરોલોજિસ્ટ {Gold Medalist} એ “Advanced cutting-edge Robotic & Laser Technologies for Kidney, Stone & Prostate” વિષય પર માર્ગદર્શન આપ્યું.

ડો. અરવિંદ ધામેલીયાએ નવીન મેડિકલ ટેકનોલોજી, રોબોટિક સર્જરીના ફાયદા, સ્ટોન ટ્રીટમેન્ટની આધુનિક રીતો અને પ્રોસ્ટેટ સંબંધિત સમસ્યાઓના સાયન્ટિફિક સોલ્યુશન્સ અંગે સરળ ભાષામાં વિશદ સમજ આપી. ઉપસ્થિત દંપતીઓને હેલ્થ અવેરનેસ અને પ્રિવેન્શન અંગે પણ મહત્વપૂર્ણ માહિતી મળી. કાર્યક્રમમાં સભ્યો દ્વારા પ્રશ્નોત્તરી સત્રમાં સક્રિય ભાગ લેવાયો અને સમગ્ર સત્ર ખૂબ જ માહિતીસભર અને અસરકારક રહ્યું.

**ચેરમેન**

રો. ભગીરથ ધામેલીયા
રો. કિશન પાનસુરીયા










# 06 ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ

RI District 3060
Rotary
Club Of Surat East







રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૬૦ ની ૫૬ મી કોન્ફરન્સ સંગ-એ-મરમર ઉત્તર પ્રદેશના આગ્રા શહેરમાં આયોજિત થવા જઈ રહી છે. મિત્રો ડિસ્ટ્રીક્ટની સૌથી મોટી ઈવેન્ટ એટલે ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ જેમાં દર વર્ષે ડિસ્ટ્રીક્ટની તમામ ક્લબોમાંથી વિવિધ શહેરોમાંથી રોટેરીયન મિત્રો બે-ત્રણ દિવસ સાથે રહી નોલજ, ફેલોશીપ, મ્યુઝીક, મસ્તી તથા રોટરીની મજા માણતા હોય છે. આ વર્ષે દુનિયાની અજાયબી તાજ મહેલ જ્યાં આવેલ છે એવા પ્રસિદ્ધ શહેર આગ્રા, ઉત્તર પ્રદેશ ખાતે તારીખ: 30-31 Jan & 01 Feb. 2026 ના રોજ કોન્ફરન્સ થવા જઈ રહી છે. અને આપણી ક્લબમાંથી મોટી સંખ્યામાં મેમ્બર્સનુ રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યુ છે ત્યારે જે રોટેરીયન મિત્રોનુ રજીસ્ટ્રેશન બાકી છે તેમણે કોન્ફરન્સ કો-ઓર્ડિનેટર રો. ભરાત કળથીયા ૯૮૭૯૧ ૯૭૦૧૫ તથા મંથ લીડર રો.ચિંતન પટેલ ૯૫૧૦૩૨૮૬૨૬ નો સંપર્ક કરશો. આ એક સુનેહરો અવસર છે. તો મહત્તમ લોકો કોન્ફરન્સમાં રજીસ્ટ્રેશન કરાવે એવી અપેક્ષા છે.

| સ્થળ | તારીખ | હોસ્ટ ક્લબ | કો-હોસ્ટ ક્લબ |
|---|---|---|---|
| *Jaypee Palace Hotel and Convention Centre, Agra, | 30/01/2026,<br>31/01/2026,<br>01/02/2026 | Rotary Club of Bharuch | RC Ankleshwar<br>RC Bharuch Femina<br>RC Dahej<br>RC Bharuch Narmada Nagari |

# 07 બર્થ ડે સેલીબ્રેશન

RI District 3060
Rotary
Club Of Surat East

| | |
|---|---|
| 22-10-1983 | Chetanbhai Thummar |
| 22-10-1983 | Kirti Savaliya |
| 23-10-1983 | Mahesh Ramani |
| 26-10-1983 | Bharat G Kikani |
| 28-10-1983 | Hiren Maganbhai Raiyani |
| 31-10-1983 | Ajaykumar Dahyabhai Beladiya |
| 31-10-1983 | Amit patel |
| 07-11-1983 | Govindbhai Dholakiya |
| 08-11-1983 | Ashish Panchani |
| 08-11-1983 | Jigneshkumar Patel |
| 11-11-1983 | Ketankumar Dhami |
| 13-11-1983 | Bhavik Malaviya |
| 14-11-1983 | Raghu savaliya |
| 15-11-1983 | Vimal vasanka |
| 20-11-1983 | Viral Rabadiya |
| 21-11-1983 | Vipul Balar |
| 23-11-1983 | Dr. brijesha chauhan |
| 24-11-1983 | Rasikbhai bhalala |
| 24-11-1983 | Hitesh Sabhadiya |
| 24-11-1983 | Hiteshkumar Patoriya |
| 25-11-1983 | Rahulkumar Savaj |
| 30-11-1983 | Kishor Balar |



RI District 3060
Rotary
Club Of Surat East

# 08 અભિનંદન




RYE રોટરી યુથ એક્સચેન્જ અંતર્ગત પાસ્ટ પ્રેસિડેન્ટ રો. રાજેશ વઘાસીયાની પુત્રી માહી વઘાસીયા બ્રાઝિલ જઈ રહી છે ત્યારે રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ માહી વઘાસીયાને આ અનુપમ જર્ની માટે શુભ કામનાઓ પાઠવે છે.



NOVEMBER MONTH SUPPORTIVE BOD

# 09 બોર્ડ મિટિંગ

૧૦/૧૧/૨૦૨૫ સોમવાર







# 10 સેક્રેટરી એનાઉન્સમેન્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

નમસ્કાર આપ સૌ મિત્રોના સાથ અને સહકારથી નવેમ્બર મહિનામાં આપણે ખુબ મહત્વના અને સફળ એવા પ્રોજેક્ટ કરી શકયા છીએ તે માટે આપ સૌ રોટેરીયન મિત્રો, તમામ પ્રોજેક્ટ ચેરમેનશ્રીઓ અને યુનાઇટ બોર્ડ તથા નવેમ્બર મહિનાના મંથ લીડર રો.અલ્પેશ ડાવરાનો હદયના ઉમળકા થી આભાર વ્યકત કરું છું મિત્રો ડિસેમ્બર માસમાં પાસ્ટ સેક્રેટરી એવા મંથ લીડર રો.નીતેશ વાગડીયાની આગેવાનીમાં જે પ્રોજેક્ટ થવાના છે તેની અંદાજીત તારીખ પ્રોજેક્ટ હેતુ આપ સૌની જાણ માટે નીચે આપેલ છે જે તમામ પ્રોજેક્ટમાં આપ સૌ આપને અનુકુળતા મુજબ સાથ સહકાર અને અચુક હાજરી આપીને સંપુર્ણ ડિસેમ્બર માસને સફળ બનાવીએ.

૧. રોટરેક્ટ પ્રિમીયમ લીગ-(આરપીએલ-૧૧) આપણી ચાઈલ્ડ કલબ એટલે રોટરેક્ટ કલબ ઓફ સુરત ઈસ્ટ દ્રારા રોટરેક્ટ કલબ અને રોટરી કલબ સંયુકત સાથે મળીને ક્રિકેટ ટુનામેન્ટનુ આયોજન કરેલ છે જેમા રોટરી કલબના તથા રોટરેક્ટ કબલના મેમ્બરો સાથે મળીને ક્રિકેટ રમશે અને મજા કરશે તો તમામ રોટેરીયનમિત્રોને તા.૦૬/૧૨/૨૦૨૫ શનિવાર તથા તા.૦૭/૧૨/૨૦૨૫ ના રોજ શીવાય ક્રિકેટ ગ્રાઉન્ડ, મીશન રોડ, વાલક, સુરત મુકામે મુલાકાત લઇને ઉત્સાહ વધારવા માટે ભાવભર્યુ આમંત્રણ છે.

૨. સ્વેટર ડિસ્ટ્રીબ્યુશન શિયાળાની કડકડતી ઠંડીમાં નાના નાના બાળકો તથા સ્કુલે જતા બાળકો માટે આપણી કલબના મેમ્બરો દ્રારા એકઠા કરેલ ભંડોળ માંથી ૨૫૦ થી વધુ સ્વેટરો ડિસ્ટ્રીબ્યુટ કરવાનુ આયોજન થઇ રહેલ છે. જેની તારીખ અને સ્થળ ટુક સમયમાં જાહેર કરીશુ.જેમા વધુમાં વધુ રોટેરીયન મિત્રો જોડાય તેવી અપેક્ષા.

૩. ક્રિકેટ મસ્તી ૩.૦ આપણ કબલના તમામ મિત્રો વચ્ચે બોન્ડીગ અને પ્રેમ, લાગણી અને ખુશી અને એકતા જણવાય રહે તે માટે આપણી કબલ દ્રારા બોકસ ક્રિકેટનુ આયોજન કરવા જઇ રહેલ છે જેની તારીખ અને સ્થળ ટુક સમયમાં જાહેર કરીશુ.જેમા વધુમાં વધુ રોટેરીયન મિત્રો જોડાય તેવી અપેક્ષા.

૪. શિક્ષક દેવો ભવઃ આપણી કલબનો પરમીનેન્ટ પ્રોજેક્ટ એટલે શીક્ષક દેવો ભવઃ જે પ્રોગામમાં એક શિક્ષકનુ સન્માન થાય છે જે અગામી તા.૦૬/૧૨/૨૦૨૫, તા.૧૩/૧૨/૨૦૨૫, તા.૨૦/૧૨/૨૦૨૫ તથા તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ આયોજીત થવાનુ છે જેમાં વધુ માં વધુ રોટેરીયન જોડાય તેવી અપેક્ષા.

૫. મેરાથોનની અગત્યની જાહેરાત આપણી કલબ ની મેગા ઇવેન્ટ એટલે મેરાથોન જે અગામી જાન્યુઆરી-૨૦૨૬ માં તા.૧૧/૦૧/૨૦૨૬ ના રોજ રવિવાર લા ફાઉન્ટેન હોટલ, કેનાલ રોડ, સુરત મુકામે થવાની છે જેની તમામ વિગતો રોટરી કલબના ગ્રુપમાં જાહેરાત કરવામાં આવશે તો વધુ ને વધુ મિત્રો આ મેરાથોનમાં જોડાય તેવી અપેક્ષા.



આપનો સાથી..

**રો. હિતેશ વેકરીયા**

કલબ સેક્રેટરી રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ

UNITE
FOR
GOOD

RI District 3060
Rotary
Surat East

Team Achievers

# THE FOUR WAY TEST

THE FOUR WAY TEST OF THE THINGS WE THINK, SAY OR DO

વાણી, વિચાર અને વર્તનની ચતુર્વિધ કસોટી

## 1) Is it the truth?

શું તે સત્ય છે?

## 2) Is it fair to all concerned?

શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે ઉચિત છે?

## 3) Will it build goodwill and better friendship?

શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે?

## 4) Will it be beneficial to all concerned?

શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે લાભદાયી નીવડશે?

+91 97145 25888
rotarysurateast@gmail.com
Rotary Club Of Surat East
rotary_club_of_surat_east
rotarysurateast

BROCHURE DESIGN & PRINTING
7567902287